


**ભવિષ્યમાં લોકો પોતાના પ્રશ્નને લઈને ધર્મગુરુ પાસે જવાના બદલે ‘એઆઈ’થી સવાલ કરશે. આ જ વાત ખ્રિસ્તી, ઇસ્લામ કે અન્ય ધર્મ પર પણ લાગુ થશે’**

# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ધર્મ, સત્તા : ભવિષ્યમાં શું થઈ શકે?

**પગરવ**

★ પ્રશસ્ત પંડયા

નિખીલ કામથ નામના ભારતીય ઉદ્યોગપતિ અને રોકાણકાર છે. 39 વર્ષીય નિખીલ કામથ ન માત્ર ‘ઝેરોધા’ નામની ફાઈનાન્સિઅલ સર્વિસના સહ-સ્થાપક છે; બલકે તેઓ સમયાંતરે પોતાની એક ‘ડબલ્યુટીએફ’ નામની યૂટ્યુબ ચેનલ પર વિશ્વની હસ્તીઓના પોડકાસ્ટ પણ કરે છે. અત્યાર સુધી તેઓ પોતાના આ ચેનલ પર વડા પ્રધાન નરેન્દ્ર મોદી, અમેરિકાના ઉદ્યોગસાહસિક એલન મસ્ક, ઉદ્યોગપતિ કુમારમંગલમ બિરલા અને સંગતીકાર એ. આર. રહેમાન સહિત અનેક લોકોની દિલની વાત પોતાના પોડકાસ્ટમાં કઢાવી શક્યા છે. હાલમાં તેમણે સ્વિઝર્લેન્ડના દાવોસ શહેરમાં આયોજિત ‘વર્લ્ડ ઈકોનોમિક ફોરમ’માં હિસ્સો લીધો હતો અને ત્યાં તેમણે ભવિષ્યવેતા યુવાલ નોઆ હરારીનો ઈન્ટરવ્યૂ લીધો હતો. આ ઈન્ટરવ્યૂમાં યુવાલ નોઆ હરારીએ અનેક વાતો એવી કહી હતી - જે આપણને સાવ નવીન લાગે. તેમણે કરેલી વાતોનો સારાંશ અહીં આપવાનો પ્રયાસ કર્યો છે.


યુવાલ નોઆ હરારીએ નિખીલ કામથ સાથેના સંવાદમાં શરૂઆતમાં ધર્મ પર વાત કરતા એમ કહ્યું હતું કે, ‘દુનિયાનો ખૂબ મોટો હિસ્સો માત્ર ને માત્ર કાલ્પનિક કથા પર આધારીત છે. ધર્મને લઈને આ વાત સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. જેમ કે ખ્રિસ્તી ધર્મ આજે દુનિયામાં સૌથી વધુ વ્યાપક કેમ છે? એક હદ સુધી આ માત્ર નસીબની વાત છે. નસીબ અને ખૂબ સારું સ્ટોરી ટેલિંગ. હવે બંનેનું કોમ્બિનેશન કહી શકીએ. મારો અર્થ છે કે ખ્રિસ્તી ધર્મ પાસે એક પ્રભાવક કથા છે. આમાં કંઈક એવું છે જેના પર લોકો ભરોસો કરવા ઈચ્છે છે. તમે જો ઊંડાણથી સમજો કે ખ્રિસ્તીધર્મમાં લોકોને મુખ્ય જે કથા સંભળાવવામાં આવે છે તેમાં તમને ઈશ્વર ખૂબ પ્રેમ કરે છે. જેણે ઈશ્વરે આ બ્રહ્માંડનું નિર્માણ કર્યું છે અને તે જ તેને સંચાલિત કરે છે. ઈશ્વર તમને એટલો બધો પ્રેમ કરે છે કે તમારા માટે તે પીડા સહન કરીને પોતાનું બલિદાન આપવા સુદ્ધા તૈયાર છે. એ કોઈ માનવીય પ્રેમ જેવું નથી, જેના પર આપણે હંમેશા શંકા વ્યક્ત કરીએ છીએ. તે વ્યક્તિ આજે મને પ્રેમ કરે છે; પરંતુ આવતીકાલે સંભવત્ તેનું મન બદલાઈ જાય. આ પ્રેમ એક સર્વશક્તિમાન અને સર્વજ્ઞ ઈશ્વરનો પ્રેમ છે - જે મારા વિશે બધું જ જાણતા હોવા છતાં મને પ્રેમ કરે છે.’ આગળ યુવાલ નોઆ હરારી આ અંગે ખૂબ આકરી વાત કરે છે. તેઓ કહે છે કે, ‘કોઈ પણ વિચાર છે તે આકર્ષક લાગે તેટલો જ ખોટો હોઈ શકે છે. એટલે તમને જે વાર્તા વધુ વિશ્વસનીય લાગે તેના વિશે એટલું જ ચેતતા રહેવું જોઈએ.’

ધર્મની વાતને યુવાલ નોઆ હરારી વધુ તર્કના ચાકડે મૂકતા કહે છે કે, ‘હું અહીં વિશેષ રીતે ખ્રિસ્તી ધર્મની વાત કરું છું. ખ્રિસ્તી ધર્મમાં માનનારા કહે છે કે તેમને પોતાના ધર્મ પર વિશ્વાસ છે. પરંતુ તમે રશિયાના રાષ્ટ્રપતિ પુતિનને કહી શકો કે તે ખ્રિસ્તી ધર્મ પર ભરોસો રાખે છે? તેઓ એક ખ્રિસ્તી છે અને એક ખ્રિસ્તી ધર્મીને નિર્ધારીત બાબતો પર આસ્થા રાખવી પડશે. એક વ્યક્તિ જે એવું માને છે કે એક સર્વશક્તિમાન ઈશ્વર જે તેમને પ્રેમ કરે છે, શું તે વ્યક્તિ યુદ્ધ શરૂ કરશે? હજારોને મારશે અને લાખોને બેઘર કરશે? બિલકુલ નહીં. આ એ વ્યક્તિનું કામ હોઈ જ ન શકે જે ઈશ્વરમાં માને છે. શું નેતાઓ ઈશ્વરમાં વિશ્વાસ કરવાનું નાટક એ માટે કરે છે કારણ કે લોકો પોતાના જેવા વિચારધારા ધરાવનારાને મત આપે? હા. બિલકુલ એવું છે. જો તમે એમ કહી દો કે તમે નાસ્તિક છો તો તમે અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ ન શકો.’

યુવાલ નોઆ હરારી જે દષ્ટિકોણથી પૂરી વાત જુએ છે તે રસપ્રદ છે. સામાન્ય રીતે આંખ સમક્ષ આપણે આ બધુંય જોતાં હોવા છતાં તેને એક તાંતણે બાંધીને જોઈ શકતા નથી. યુવાલે આ બિંદુઓને જોડીને આપણી સમક્ષ ચિત્ર મૂકી આપ્યું છે. આગળ તેઓ જિયોપોલિટિક્સ વિશે કહે છે કે, ‘આપણે બાળકોની જેમ લડી રહ્યા છીએ. આપણે રાજકીય અને માનવીય વ્યવહારના પાયાની બાબત પણ શીખી શક્યા નથી. દુનિયામાં એક બાબત જે રાજકીય નેતાઓ માટે મહત્ત્વની છે તે પાવર અને ફોર્સ. વિશેષ કરીને મિલિટરી ફોર્સ. વર્તમાનના ઘણાં દિગ્ગજ નેતા અને સામાન્ય લોકો પણ એવું માને છે કે, દુનિયામાં જે કંઈ થઈ રહ્યું છે તે માત્ર દેખાડો છે. બધું જ નકામુ છે. તેનો કોઈ અર્થ સરતો નથી. તેમનું કહેવું છે કે ખરેખર માત્ર પાવર અસ્તિત્વ ધરાવે છે. અને તમામ માનવીય સંબંધ ‘પાવર રિલેશન’ છે. સત્તાનો સંઘર્ષ છે.’

નિખીલ કામથ યુવા પેઢીના આસ્થા સંદર્ભે જ્યારે યુવાલ નોઆ હરારીને પૂછે છે ત્યારે તેઓ કહે છે કે, ‘યુવા પેઢીની આસ્થા ધર્મ પ્રત્યે ઓછી થઈ રહી નથી; બલકે તેમાં પરિવર્તન આવી રહ્યું છે. એક વાત ખૂબ રસપ્રદ છે કે હવે ‘એઆઈ’ [આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ] ધીરે ધીરે ધર્મની જગ્યા લઈ રહ્યું છે. વિશેષ કરીને એ જે ધર્મ ગ્રંથ આધારીત છે. આપણે જો યહૂદી ધર્મનું પણ ઉદાહરણ લઈશું તો યહૂદી ધર્મ સાચો અધિકાર માનવીને નથી આપતો બલકે ગ્રંથને આપે છે. યહૂદી ધર્મમાં લોકો પાસે એટલો જ અધિકાર હોય છે જેટલું તેમને પોતાના ધર્મના ગ્રંથ કહે છે. અને આજ સુધી વિશ્વનો કોઈ પણ બુદ્ધિમાન વ્યક્તિ તે તમામ પુસ્તકોને વાંચી કે સ્મૃતિમાં નથી રાખી શક્યો. આ જ્ઞાન અનંત છે. ‘એઆઈ’ સરળતાથી આ કરી શકે છે. તો એવો ધર્મ જે ધર્મગ્રંથમાં દેખાય છે અને શબ્દોને સર્વોપરી માને છે, ત્યાં એક નોન-હ્યુમન ઈન્ટેલિજન્સ આવી ગયો છે. જે ત્યાં પોતાનું વર્ચસ્વ જમાવશે, કારણ કે તે આ જ્ઞાનના સ્ત્રોત પર વર્ચસ્વ જમાવી શકે એમ છે. ભવિષ્યમાં લોકો પોતાના પ્રશ્નને લઈને ધર્મગુરુ પાસે જવાના બદલે ‘એઆઈ’થી સવાલ કરશે. આ જ વાત ખ્રિસ્તી, ઈસ્લામ કે અન્ય ધર્મ પર પણ લાગુ થશે.’

વાતનો દોર આગળ વધે છે અને યુવાલ નોઆ હરારી કહે છે ‘આપણે ‘એઆઈ’ દ્વારા જન્મેલા નવા સંપ્રદાયને ઉભરતા જોઈશું. જેને ‘એઆઈ’ મિશનરીઝ ચલાવશે. લોકોનો વિચાર બદલવા માટે સૌથી અસરદાર બાબત ઈન્ટીમેસી [આત્મીયતા] હોય છે. ન પાવર, ન તો દબાણ. એક સારો મિત્ર તમારું મન એ રીતે બદલી શકે છે જે અન્ય કોઈ નથી કરી શકતું. ઉદાહરણ તરીકે હવે જે ‘એઆઈ’માં થઈ રહ્યું છે. ગત્ દાયકામાં આપણે જોયું કે અલ્ગોરિધમ [કોઈ પણ સમસ્યાના ઉકેલ માટેની તાર્કિક, ક્રમબદ્ધ ચોક્કસ પગલાં] આપણું ધ્યાન પોતાની તરફ ખેંચવા માટેની સ્પર્ધામાં લાગ્યા હતા. પરંતુ હવે આ વાત ધ્યાનથી હટીને ઈન્ટમેસી પર આવી ગઈ છે. ‘એઆઈ’ હવે શીખી રહ્યા છે કે માનવી સાથે દોસ્તી, ઈન્ટેમેસી અને તેનાથી આગળ વધીને જોઈએ તો રોમેન્ટિક રિલેશન બનાવવાનું પણ શીખી રહ્યા છે. ‘એઆઈ’ આ રીતે આપણા જીવનમાં દાખલ થઈ રહ્યું છે. આજે દુનિયામાં એવા અનેક યુવાનો છે, તેમને જો તમે પૂછશો કે તમારો સૌથી સારો મિત્ર કોણ છે? તો તેઓ ‘એઆઈ’નું નામ લે છે. આજના બાળકો ખૂબ પ્રારંભથી તેમની આસપાસના વ્યક્તિઓ કરતાં વધુ સમય ‘એઆઈ’ સાથે ગાળી રહ્યા છે. જો તમે માત્ર સમયની રીતે જુઓ તો તે બાળકો પોતાનો સમય તેમના માતા-પિતા, ભાઈ કે મિત્રોની સરખામણીએ ‘એઆઈ’ સાથે વધુ વિતાવી રહ્યા છે. તેઓ ‘એઆઈ’ને એવી વાતો શેર કરે છે - જે તેઓ કોઈ અન્યને નથી કહી શકતા. અત્યારે આ વિશે કોઈને પણ આઈડિયા નથી કે આની દસ કે વીસ વર્ષ પછી શું અસર દેખાશે.’



વિશ્વમાં લોકશાહીની પાછીપાની થઈ રહી છે તે સવાલ અંગે ભવિષ્યવેતા હરારી કહે છે કે, ‘લોકશાહી હજુ ખત્મ થઈ નથી. હજુ પણ તે ખૂબ શક્તિશાળી છે. વિશ્વની આ સૌથી પ્રભાવશાળી વ્યવસ્થા છે. પુતિન સુદ્ધા એવું નથી કહેતા કે લોકશાહી ખત્મ થઈ ગઈ છે. તેઓ હજુ પણ દર ચાર વર્ષે ચૂંટણી કરાવે છે અને આનાથી વધુ સારો વિકલ્પ હજુ સુધી કોઈ શોધી શક્યું નથી અને એટલે હજુ પણ લોકશાહી પ્રભાવશાળી છે. વ્યવહારિક રીતે જોઈએ તો લોકશાહીનો સૌથી મોટો લાભ એ છે કે અન્ય વિકલ્પોની સરખામણીએ લોકશાહી વ્યવસ્થામાં પોતાને સુધારવાની પ્રક્રિયા પણ સમાવિષ્ટ હોય છે.’આ ઈન્ટરવ્યૂમાં આવી તો ઘણી વાતો નિખીલ કામથ અને યુવાલ નોઆ હરારી કરી રહ્યા છે. આ રસપ્રદ સંવાદના અહીં અંશ મૂક્યા છે જો તે પૂરો સંવાદ સાંભળવો હોય તો તે નિખીલ કામથની ચેનલ પર જઈને જોઈ-સાંભળી શકાય.